નવગુજરાત સમય

## શનિવારે પૂર્વ રાષ્ટ્રપતિ કલામ EDIમાં આવશે

**અમદાવાદ:** દેશના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એપીજે અબ્દુલ કલામ શનિવારે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, ભાટ ખાતે ટેકનો સોશિયલ બિઝનેસ ઈન્ક્યુબેટરનું ઉદ્ઘાટન કરશે. આ ઈન્ક્યુબેટરનો મુખ્ય ઉદ્દેશ ઈનોવેશનને પ્રોત્સાહન આપવાનો અને સોશિયલ આંત્રપ્રિન્યોરશિપમાં ઈનોવેટિવ વેન્ચર્સને વધારવાનો છે. શનિવારે સાંજે ૪.૪૫ કલાકે યોજાનારા આ કાર્યક્રમમાં ઈડીઆઈના ડાયરેક્ટર દિનેશ અવસ્થી અને 'આશ્રય'ના ડાયરેક્ટર્સ મણિ ઐયર તથા રાજેન્દ્ર જોષી પણ ઉસ્થિત રહેશે.

## 28મીએ ગ્લોબલ વિઝનરી એવોર્ડ અપાશે

**અમદાવાદ:**વિઝન વર્લ્ડ એકેડમી દ્વારા ૨૮ જૂન, રવિવારે સાંજે ૫થી ૮ દરમિયાન ભાઈકાકા હોલ, લૉ ગાર્ડન ખાતે ગ્લોબલ વિઝનરી એવોર્ડ એનાયત કરવામાં આવશે. જેફ્રી એલાન મેઝિનિ-ઓસ્ટ્રેલિયા, દિલિપ મનસુખાણી-જાપાન, રત્ના પ્રસાદ-યુએસએ, ડૉ. એસ. કે. નંદા, આઈએએસ, ડૉ. જગદીશ ક્રિશ્નન-ઓસ્ટ્રેલિયા, પ્રો. દેબપ્રિતમ પુરકાયસ્થ-હૈદરાબાદ અને અમદાવાદના ઉમાબહેન આર. દેસાઈને આ એવોર્ડ એનાયત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં પ્રેસિડેન્ટ તરીકે ગુજરાત વિદ્યાપીઠના કુલસચિવ ડૉ. અનામિક શાહ અને મુખ્ય અતિથિ તરીકે ગિફ્ટ સિટીના સીઈઓ રમાકાંત જ્હા ઉપસ્થિત રહેશે.

## આજે 'પી ખરસાણીનો વેશ' પુસ્તકનું વિમોચન

**અમદાવાદ:** રાજ્યના જાણીતા રંગકર્મી અને જાણીતા કલાકાર પી. ખરસાણી અંગેના પુસ્તક 'પી ખસરાણીનો વેશ'નું શુક્રવારે સાંજે ૬.૦૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ, હેલમેટ ચાર રસ્તા પાસે વિમોચન થશે. આ પુસ્તકના વિમોચન પ્રસંગે આચાર્ય તેજેન્દ્રપ્રસાદજી મહારાજ આશીર્વચન આપશે તથા વિનોદ ભટ્ટ, માધવ રામાનુજ, રજનીકુમાર પંડ્યા, જોરાવરસિંહ જાદવ, કાજલ ઓઝા વૈદ્ય, અશોક દવે, યોગેશ ગઢવી સહિતના સાહિત્યકારો ઉપસ્થિત રહેશે.